ક્રિ.કે.નં.૩૨/૨૦૨૨

**<u>આંક–૧ નીચે હુકમ</u>**

આજ રોજ ફરીયાદી હાજર છે ફરીયાદીના વિ.વ.શ્રી ગેરહાજર છે. હાલની ફરીયાદ ફરીયાદીએ તા. ૧૭/૦૧/૨૦૨૨ ના રોજ આરોપી વિરુધ્ધ ને.ઈ.એકટની કલમ ૧ ૩૮ મુજબ દાખલ કરેલ છે. ફરીયાદમાં જણાવેલ સરનામે આરોપીને પ્રોસેસ ઈસ્યુ કરવામાં આવેલ જે વગર બજે પરત ફરેલ છે.તા.૨૧/૫/૨૨ ના પરત ફરેલ સમન્સમાં આરોપી ભાડાના કોમ્પ્લેક્ષમાં પોતાનુ કામકાજ કરતા હતા અને ખાલી કરી જતા રહેલ છે તેવો શેરો આવેલ છે. ત્યારબાદ તા.૩૧/૭/૨૩ ના પકડ વોરંટમાં દુકાન બંધ કરી કયાંક ચાલ્યા ગયેલ છે તેવો શેરો આવેલ છે. આંક–૧૫ અને આંક–૧૬ થી આરોપીનુ નવુ સરનામુ રજુ કરવા માટે ફરીયાદીને પુરતો સમય આપવામાં આવેલ પરંતુ આજદિન સુધી આરોપીનુ સરનામુ રજુ કરેલ નથી. ફરીયાદીને વધુ સમય આપવો ન્યાયોચીત જણાતો ન હોય હાલની ફરીયાદ ડીસમીસ કરવાનો હુકમ કરવામાં આવે છે.

હુકમ આજરોજ તારીખ ૨૯ મી ઓગષ્ટ સને ૨૦૨૩ ના રોજ ખુલ્લીઅદાલતમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

સ્થળ: વિજાપુર
તા. ૨૯/૦૮/૨૦૨૩

(એસ.એસ.અજમેરી)
એડી.સીવીલ જજ એન્ડ
જયુ.મેજી.ફ.ક.વિજાપુર